# રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ જારી : પારો ૪૧.૬ પહોંચ્યો

## અમરેલીમાં મહત્તમ તાપમાન ૪૧.૬ નોંધાયું : હિટવેવની ચેતવણી જારી ન થતાં તંત્રને થયેલી મોટી રાહત

અમદાવાદ સહિત રાજ્યભરમાં શુક્રવારની સરખામણીમાં આજે શનિવારે ગરમીના પ્રમાણમાં ફરી એકવાર વધારો થયો હતો. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૪૦.૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયું હતું. આજે રાજ્યના જે ભાગોમાં પારો ૪૦થી ઉપર રહ્યો હતો તેમાં ડિસા, ગાંધીનગર અને વડોદરા, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને કંડલા એરપોર્ટનો સમાવેશ થાય છે. તમામ જગ્યાએ મહત્તમ તાપમાન ઉંચું રહેતા લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. આજે અમરેલીમાં ૪૧.૬, કંડલા એરપોર્ટ પર ૪૧.૩ અને સુરેન્દ્રનગરમાં ૪૧.૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. મહત્તમ તાપમાનમાં હજુ તીવ્ર વધારો નોંધાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. નલિયામાં આજે મહત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી યથાવત રહ્યું હતું જ્યારે પાટનગર ગાંધીનગરમાં ગઈકાલની સરખામણીમાં પારો વધ્યો હતો અને મહત્તમ તાપમાન ૪૦.૮ ડિગ્રી નોંધાયું હતું. તીવ્ર ગરમીની સીઝનમાં પાણીજન્ય રોગના કેસમાં વધુ વધારો થવાના સંકેત છે. ગરમી, લુ અને હીટવેવની અસરના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર પણ તેની સીધી અસર પડી રહી છે. સરકારી હોસ્પિટલોમાં હીટવેવની અસર અને લુ લાગવાના કિસ્સાનું પ્રમાણ વધી રહ્યું છે. બીજીબાજુ, બળબળતી ગરમીથી ત્રસ્ત નાગરિકો ગરમીથી બચવા અને ઠંડક મેળવવા ઠંડા પીણા, વધુ પડતા પાણીના સેવન સહિતના ઉપચારો અપનાવી રહ્યા છે.

છેલ્લા બે દિવસથી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ અને વિસ્તારોમાં ગરમીની સૌથી વધુ અસર જોવા મળી છે. આજે બપોરના ગાળામાં રસ્તા સુમસામ બન્યા હતા.નિષ્ણાતો દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ જ લોકો કામ વગર હવે બહાર નીકળી રહ્યા નથી. જેથી બપોરે રસ્તા ઘણી જગ્યાએ સુમસામ પણ બની રહ્યા છે. સૌરાષ્ટ્ર, કચ્છ તથા ગુજરાત પ્રદેશમાં તીવ્ર ગરમીનું મોજુ હાલમાં યથાવત રહે તેવી શક્યતા છે. રાજ્યના અન્ય ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. સૌરાષ્ટ્રના કચ્છમાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવાઈ રહ્યા હોવા છતાં પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે. હિટવેવની ચેતવણી હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી નથી પરંતુ ગરમીનું પ્રમાણ વધી શકે છે.

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ગુજરાતમાં પ્રથમ

મોડાસા, તા. ૧

અરવલ્લીના મોડાસાના



બડોદરા ગામની રહીશ અને ફરેડી શાળામાં ધો. ૧૦ની છાત્રા ભાવિશા અરવિંદભાઈ પરમાર હરિદ્વાર શાંતિકુંજ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય દ્વારા લેવાતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ગુજરાતમાં પ્રથમ આવીને દેશમાં ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. દેશના વિભિન્ન રાજ્યોના છાત્રો દર વર્ષે આ પરીક્ષા આપે છે.

### અરવલ્લી-સાબરકાંઠાના દૂધ ઉત્પાદકો આનંદો

# સાબરડેરી દ્વારા માત્ર ત્રણ માસમાં જ દૂધ ઉત્પાદકોના હિતમાં ૧૧મીથી કિલો ફેટે ૨૦નો વધારો કરાયો

## ગત ૧લી જાન્યુઆરીએ દર વધારી કિલો ફેટે ૬૨૦ ચુકવાતા હતા તેમાં વધુ ૨૦નો વધારા સાથે હવે ૬૪૦ ચુકવાશે

મોડાસા, તા.૧

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓના દૂધ ઉત્પાદકો માટે જીવાદોરી સમાન ધી સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ, સાબરડેરી દ્વારા આગામી ૧૧મી એપ્રિલ ૨૦૧૭થી અમલી બને તે રીતે એક કિલો ફેટે રૂ ૨૦નો વધારો કરી રૂ. ૬૪૦ કિલો ફેટે દૂધ ઉત્પાદકોનું દૂધ જે તે સહકારી દૂધ મંડળી દ્વારા ખરીદવાનો દૂધ ઉત્પાદકોના હિતમાં આવકારદાયક નિર્ણય કરવામાં આવ્યો છે.

સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે જણાવ્યું કે નિયામક મંડળ દ્વારા છેલ્લા ત્રણ જ માસમાં દૂધ ઉત્પાદકોનું હિત ધ્યાને રાખી બીજીવાર દૂધના ખરીદ ભાવમાં રુપિયા ૨૦ કિલો ફેટે વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેનો અમલ ૧૧-૪-૧૭થી કરાશે.

ચેરમેને વધુમાં જણાવ્યું કે ગત તા.૧-૧-૧૭થી દૂધના ખરીદ ભાવોમાં રૂ.૨૦નો વધારો કરવામા આવ્યો હતો તે મુજબ કિલોફેટે રૂ. ૬૨૦ ચુકવવામાં આવી રહ્યા છે.




હવે કિલો ફેટે બીજા રૂ. ૨૦નો ખરીદ ભાવ વધારો કર્યો છે તેથી તા ૧૧ એપ્રિલ ૧૭ થી કિલોફેટે રૂ. ૬૪૦ના ભાવે જે તે દૂધ મંડળીઓ મારફતે બન્ને જિલ્લાના દૂધ ઉત્પાદકોનું દૂધ ખરીદવામાં આવશે.અમે દૂધ ઉત્પાદકોના હિતમાં આ મહત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરી છે.

ચેરમેને કહ્યું કે સાબરદાણના કાચા માલના ભાવોમાં વધારો થયેલ હોવા છતાં સાબરદાણના વેચાણ ભાવમાં કોઈ જ વધારો કરેલ નથી. આમ દૂધ ઉત્પાદકોને ફાયદો થાય તેવો મહત્વપૂર્ણ નિર્ણય સાબરડેરી નિયામક મંડળે લીધો છે.

# મોડાસા ઈજનેરી કોલેજ પાસે પીધેલ હાલતમાં ડ્રાઈવર પકડાયો

## મોડાસા ટાઉન પોલીસે બન્ને વિરૂદ્ધ પ્રોહી. કલમ અન્વયે ગુનો નોંધી ડાલુ પણ કબ્જે કર્યું

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લામાં મોડાસા નજીક શામળાજી રોડ ઉપર સરકારી ઈજનેરી કોલેજ ચોકડી હાઈવે બાયપાસ ઉપરથી પીધેલી હાલતમાં બે શખ્સોને ઝડપી લઈને ટાઉન પોલીસે બન્ને વિરુદ્ધ પ્રોહી.એકટ અન્વયે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસા ટાઉન પોલીસ મથકના અ.હે.કો. સુરેશકુમાર ગુણવંતસિંહે નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના રાજસ્થાનના બાડમેર જિલ્લાના શિવના રહીશ જગદીશ પોકરરામ વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં પોતાના કબજાનું પિકઅપ ડાલું રૂ.૩ લાખની કિંમતનું ચલાવી લાવી અહીં હાઈવે ઉપરથી પસાર થતા આજે સવારે પોણા આઠ વાગ્યના અરસામાં ટાઉન પોલીસે તેને ઝડપી લીધો હતો. તેની ધરપકડ કરી ડાલું પણ કબજે લેવાયું હતું.

જ્યારે તે સ્થળેથી તે જ સમયે મહેસાણાના રહીશ પાર્થકુમાર દિલીપભાઈ લુહાર ઉ.વ.૨૩ પણ જાહેરમાં વગર પાસપરમીટે દારૂ પીધેલી હાલતમાં મળી આવતા ટાઉન પોલીસે તેની પણ પ્રોહી. એકટ અન્વયે ધરપકડ કરી હતી. આ બન્ને આરોપીઓ સને પ્રોહીબિશન એકટ અન્વયે નોંધાયેલ ગુનાની વધુ તપાસ અહેકો સુરેશકુમારે હાથ ધરી છે.



**અમલાઈ પ્રાથમિક શાળાની શિક્ષિકાનો શિક્ષણ સાથે સેવાનો સમન્વય**

મોડાસા તાલુકાની અમલાઈ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા જાગૃતિબેન પી. પટેલ દ્વારા શાળામાં અભ્યાસ કરતા ૨૫૬ બાળકોને ધમધોખતા તાપથી રક્ષણ મળે તેવા ઉમદા હેતુથી પગરખાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. પગરખા વિતરણથી બાળકોના ચહેરા પર સ્મિત છલકાયુ હતુ. શિક્ષિકાની ઉમદા પહેલથી શાળાના આચાર્ય ભાવનાબેન લોન્ચા તથા એસ.એમ.ટી. કમીટીના સભ્યો સહિત ગ્રામજનોએ બિરદાવ્યુ હતુ.

# આજે અરવલ્લી જિલ્લામાં ૧૩૭૯૯૩ બાળકોને પોલિયો રસી પીવડાવાશે

## ૧૨૧ સુપરવાઈઝરો સહિત ૨૩૯૨ આરોગ્ય કર્મચારીઓ ફરજ ઉપર તૈનાત રહેશે

મોડાસા તા ૧

અરવલ્લી જિલ્લામાં આજે બીજી એપ્રિલે રવિવારે જિલ્લાનાં ૧૩૭૯૯૩ બાળકોને આવરી લઈને પોલિયો રસી પીવડવાશે. આ કામગીરી અને વ્યવસ્થા માટે જિલ્લા વહીવટી અને જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે.

જિલ્લા કકેકટર તેમજ આરોગ્ય વિભાગે પોલિયો રવિવારે કોઈપણ લાભાર્થી બાળક પોલિયો ટીપાં પીવાથી વંચિત ન રહે તેની તકેદારી રાખી જિલ્લામાં વિવિધ સ્થળોએ ૫૯૮ બુથ ઉભા કરી ૧૪ જેટલા ટ્રાન્ઝિટ કેન્દ્રો પર રસીકરણ કરવા વ્યવસ્થા કરાઈ છે.

આ સમગ્ર પ્રક્રિયા અને કામગીરી માટે જિલ્લામાં ૧૨૧ સુપરવાઈઝરો સહિત ૨૩૯૨ કર્મચારીઓ ફરજ પર તૈનાત રહેશે. આજે બીજી એપ્રિલ રવિવારે પોલિયો રસીકરણ અભિયાન દરમિયાન ૦થી ૫ વર્ષની વયનું એકપણ બાળક પોલિયોની રસીથી વંચિત ન રહે તેની ખાસ તકેદારી રાખવા જિલ્લા આરોગ્ય અધિકારીએ અનુરોધ કર્યો છે.

આ રાઉન્ડ દરમિયાન ૧૮૨૭૩ ઘરોના ૧૩૭૯૯૩ બાળકોને ૫૯૮ જેટલી ટીમ દ્વારા પોલિયોની રસી પીવડાવવામાં આવશે. આગોતરા આયોજનની બેઠકમા જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલ, ડીડીઓ, મુખ્ય જિલ્લા અધિકારી, બીએચઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના જૈનપુર ખાતે દિવાલ ધરાશાઈ થતાં યુવકનું મોત

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના જૈનપુર ગામે કડીયા કામે ગયેલ યુવકનું દિવાલ પડતાં દિવાલથી દટાયેલ યુવકનું મોત.

પ્રાંતિજ જૈનપુર ગામે કડીયા કામે ગયેલ અમૃતજી તલાજી મકવાણા ઉ. વર્ષ- ૨૨ કે જેવો ઉછા ગામે રહે છે અને તેવો પ્રાંતિજના જૈનપુર ખાતે કડીયા કામે ગયા હતા. જે દરમ્યાન કડીયા કામ ચાલુ હતું તે સમયે અચાનક બાજુમાં આવેલ દિવાલ ધરાશાઈ થતાં તેવો દિવાલ નીચે દટાયાં હતાં અને તેમણે બહાર કાઢીને તાત્કાલિક પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં પણ હાજર તબીબી ડૉ. પ્રણાલી દ્વારા યુવકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓમાં બુધવારે ઠેર ઠેર વિવિધ ધાર્મિક કાર્યક્રમો-સત્સંગ

## નવા વક્તાપુરમાં સંત લાલજી મહારાજ આશ્રમે તેમજ મેઢાસણ પાસે મોહનરામ મહારાજના આશ્રમે ભવ્ય આયોજન

મોડાસા, તા.૧

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં દર વર્ષની જેમ આ વર્ષે દેવ મંદિરો, સાધુ-સંતોના આશ્રમો, મઠોમાં ભગવાન શ્રી રામના જન્મોત્સવ રામનવમીના પર્વને ભારે હર્ષોલ્લાસ સાથે વિવિધ કાર્યક્રમો યોજીને ઉજવવામાં આવશે.

આ અંગે બંને જિલ્લાઓમાં તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન શ્રી રામજન્મોત્સવ રામનવમીની ઉત્સાહભેર ઉજવણી શામળાજી નજીક નવા વક્તાપુર લાલજી મહારાજના આશ્રમે તા.૫-૪-૧૭ને બુધવારે રાતે ૮.૩૦ કલાકે શામળાજીના સંત સ્વામી સંત શ્રી બ્રહ્માનન્દજી મહારાજ, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, ઈસરોલના રામદેવ ઉપાસક પૂ. સત હીરાદાદા અને લંગાધામ મઠના પૂ. અતુલગીરી મહારાજના હસ્તે દીપ પ્રાગટ્ય થશે અને રાત્રે ૯ કલાકે ભગવાન રામની આરતી થશે. રાતે ૧૦થી પૂ.લાલજી મહારાજનો સતસંગ અમૃતવાણીનો લ્હાવો મળશે.

જ્યારે મોડાસા તાલુકામાં મેઢાસણ નજીક તારાપુર આશ્રમે શ્રીમદ પૂ. મોહનમહારાજની જન્મદિન અને રામનવમી નિમિત્તે ભક્તો-સંતોના ભજન સત્સંગ અને દિવસભર ભંડારો પ્રસાદ લઈ ભાવિકો, મુમુક્ષુઓ ગુરૂભગવાન અને રામનવમી બેઉ અવસરની ઉજવણી કરશે. બેઉ જિલ્લાઓમાં રામનવમી તહેવાર ઉજવવા રામભક્તોમાં અનેરો ઉત્સાહ ઉમંગ વર્તાઈ રહ્યો છે.



અરવલ્લી જિલ્લામાં મુખ્ય મથક મોડાસા સહિત ૬ તાલુકા મથકોએ ગઈકાલે વિધાનસભામાં ગૌ માતા અને ગૌવંશ હત્યા અને હેરફેર રોકવા કરેલ કાયદામાં સુધારાને આવકારીને ભાજપના કાર્યકર્તાઓએ ગૌ પૂજન કરીને અને ફટાકડા ફોડી આતશબાજી કરીને વધાવ્યો હતો.

# વણઝર પ્રાથમિક શાળામાં હજુ હડતાલ : ગ્રામજનો ઉપવાસ કરશે

ભિલોડા,તા.૧

વણઝર પ્રાથમીક શાળામાં દલિત શિક્ષક નવદંપતીની બદલી કરાતાં વિદ્યાર્થીઓ આજ દિન સુધી શાળા તરફ ફરક્યા નથી ગ્રામજનો ઉપવાસ ઉપર બેસવાની ચીમકી ઉચ્ચારી વાલીઓ ઠસના મસ થવા માગતા નથી તેમ જાણવા મળેલ છે પરંતુ જીલ્લા શિક્ષણાધિકારી સહિત વહીવટી તંત્રના અધિકારીઓનું પેટનું પાણી કેમ હલતુ નથી તેવો સુર જાગૃત ગ્રામજનોએ જણાવ્યો હતો. વણઝર પ્રાથમીક શાળામાં તા.૨૪ ના રોજ ગ્રામજનોએ શાળામાં તાળાબંધી કર્યા બાદ દલિત શિક્ષક નવદંપતીની બદલી વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા તઘલખી નિર્ણય કરાતાં ગ્રામજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો હતો.

સાબરકાંઠા જીલ્લા ભાજપ પુર્વ મહામંત્રી અતુલભાઈ દિક્ષીતએ જણાવ્યું હતું કે વણઝર પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા સેવાભાવી દલિત શિક્ષક નવદંપતીની બદલી અટકાવવા સંદર્ભે શિક્ષણ નિયામક મહેશભાઈ જોષી, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને લેખિત,મૌખિક રજુઆતો કરવા છતાં જીલ્લાફેર બદલી કરાતાં ગ્રામજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠતાં સોમવારથી વણઝર પ્રાથમીક શાળા આગળ વાલીઓ ઉપવાસ ઉપર બેસવાના છે તેમ જણાવ્યું હતું.



વણઝર ગામના જાગૃત ગ્રામજનોએ શિક્ષક નવદંપતીની બદલીનો ઓર્ડર અટકાવવા સંદર્ભે ઉચ્ચ કક્ષાએ ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં શિક્ષક નવદંપતીનો જીલ્લા ફેર બદલી જીલ્લા શિક્ષણાધિકારી ધ્વારા કરાતાં વિદ્યાર્થીઓ આજ દિન સુધી શાળા તરફ અભ્યાસ અર્થે ફરક્યા નથી તેમ ગ્રામજનોએ જણાવ્યું હતું.વણઝર પ્રાથમીક શાળાનું મેદાન વિદ્યાર્થીઓના કલરવ વગર સુમસામ ભાસી રહ્યું છે.વણઝર,ગુલાબપુરા ગામના વાલીઓ ઠસના મસ થવા તૈયાર નથી તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વણઝર પ્રાથમીક શાળામાં ૧૪ વર્ષ સુધી ફરજ બજાવનાર શિક્ષક નવદંપતી કિરણભાઈ ડી.પરમાર, મિનાક્ષીબેન કે. પરમારને પુનઃવણઝર પ્રાથમીક શાળામાં નિમણુંક કરવામાં આવે તેવી વિદ્યાર્થીઓ અને વાલીઓની પ્રબળ લોકમાંગણી છે. સોમવાર સુધીમાં નિર્ણય નહીં આવે તો વાલીઓ, વિદ્યાર્થીઓ શાળા આગળ ઉપવાસ ઉપર બેસવાની ચીમકી ઉચ્ચારી છે. શિક્ષક નવદંપતીની બદલીનો ઓર્ડર સ્થગીત ના કરાતાં વિરોધ પ્રદર્શન અને ગ્રામજનોનો આક્રોશ દિન-પ્રતિ-દિન વધતો જાય છે. વાલીઓ ધ્વારા બાળકોને શાળામાં ના મોકલતાં વિદ્યાર્થીઓ વિના શાળા સંકુલ સુમસામ ભાસી રહ્યું છે. વાલીઓ અને વહીવટી તંત્ર વચ્ચે કોઈ સમાધાનની બારી ન ખુલતાં આજે તો વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચીત છે પરંતુ એક તરફ વાર્ષિક પરીક્ષા પણ હવે નજીકના સમયમાં છે ત્યારે માસુમ વિદ્યાર્થીઓના ભાવીનું શું તેમ લોકમુખે ચર્ચાય છે. વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ આ પ્રાણ પ્રશ્ન ક્યારે હલ કરશે વિદ્યાર્થીઓ રાબેતા મુજબ શાળામાં ક્યારે જશે તે તો આવનાર સમય જ બતાવશે પરંતુ વહીવટી તંત્રના તઘલખી નિર્ણયના કારણે વિદ્યાર્થીઓનું ભાવી અંધકારમય તરફ ધકેલાઈ રહ્યું છે. વણઝર પ્રાથમીક શાળામાં શિક્ષક નવદંપતીની પુનઃનિમણુંક નહી થાય તો ઉગ્ર આંદોલન વાલીઓ ધ્વારા કરાશે તેવા ભણકારા વાગી રહ્યા છે.

# ભિલોડા તાલુકાના નાંદીસણ-ધંધાસણ પાસે ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટ્રકો ઝડપાઈ

ભિલોડા,તા.૧

ભિલોડા તાલુકાના નાંદીસણ-ધંધાસણ ગામ પાસેથી ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટ્રકો મામલતદાર ધ્વારા ઝડપાઈ હતી. વહીવટી તંત્રની લાલ આંખ ખનીજ માફીયાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા પાસેથી પસાર થતી હાથમતી નદી, બુઢેલી નદી, ઈન્દ્રાસી નદી, તળાવો, વાંઘા, કોતરોમાંથી ખનીજ માફીયાઓ ગેરકાયદેસર રીતે ખુલ્લેઆમ ચોરીઓ કરી રહ્યા છે પરંતુ ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

રેતી, કપચી, પથ્થર, ઈંટોના વ્યવસાય સાથે સંકળાયેલા બે નંબરીયા વેપારીઓ કાયદાની ઐસી-તૈસી કરી ગેરકાયદેસર રીતે અધધધ... ઓવરલોડ માલ ભરી ટ્રકો,ટ્રોલીઓમાં હેરાફેરી કરતાં હોવાની બાતમી ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, નાયબ મામલતદાર એન.એમ. ચૌધરીને મળી હતી ત્યારે તપાસ હાથ ધરતાં ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટ્રકો ઝડપી દંડનીય કાર્યવાહી હાથ ધરતાં ખનીજની ચોરી કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ગુજરાતમાંથી રાજસ્થાન તરફ જતી રેતી ભરેલી ઓવરલોડ ટ્રકો પસાર થઈ રહી હતી. શામળાજી-હિંમતનગર નેશનલ હાઈ-વે નંબર.૮ ઉપર આવેલ નાંદીસણ, ધંધાસણ ગામ પાસેથી પસાર થતી રેતી ભરેલી ઓવરલોડ ટ્રકોની તપાસ હાથ ધરાતાં પાસ પરમીટ કરતા વધારે રેતીનો જથ્થો ઝડપાયો હતો. ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટ્રકોના માલીકો અને ચાલકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી મામલતદારએ હાથ ધરી છે. ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટ્રકો શામાળજી-ભિલોડા પોલીસ સ્ટેશનમાં મુકાઈ હતી. ઓવરલોડ રેતી ભરેલી ટ્રકોનું સ્થળ ઉપર પંચનામું કરી દંડ ફટકારતાં ખનીજ ચોરી કરતા બે નંબરીયા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# ભિલોડાથી મોહનપુર સુધીનો માર્ગ બિસ્માર, વાહનચાલકો ત્રાહિમામ

ભિલોડા,તા.૧

ભિલોડાથી મોહનપુર સુધીનો માર્ગ બિસ્માર હાલતમાં વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઉબડખાબડ, ખાડાખડીયા વાળા માર્ગ ઉપર અવાર નવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે પરંતુ ક્યારેક મોટો અકસ્માત સર્જાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ સત્વરે માર્ગનું સમારકામ હાથ ધરે અને ઠેર-ઠેર આડેધડ બનાવેલા બમ્પો હટાવવામાં આવે તેવી વાહન ચાલકોની પ્રબળ લોકમાંગણી છે. વાહન ચાલકો, રાહદારીઓ, પ્રજાજનોને અકસ્માતનો ભય સતાવે છે પરંતુ જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. શામળાજી-ઈડર ધોરીમાર્ગનું પેવરકામ ગોકળ ગતિએ ચાલ્યું હતું પરંતુ હલકી ગુણવત્તાનું કામ કરાયું હોવાનું લોકમુખે ચર્ચાય છે ત્યારે ભિલોડાથી મોહનપુર સુધીના માર્ગનું પેવરકામ બાકી હોવા છતાં કોન્ટ્રાક્ટરને બીલ ચુંકવી દેવાયું છે ત્યારે લોકમુખે ચર્ચાય છે કે કોન્ટ્રાક્ટરની કામગીરી જોયા વગર બીલ ચુંકવી દેવાયું હશે તેમ લોકમુખે જાણવા મળેલ છે.